ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૬.૪ ડીગ્રી
લઘુતમ : ૧૮.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૫ ટકા

# પાલજની પરંપરાગત હોળી ૧૭મીએ પ્રગટાવાશે

## ફાગણ સુદ પૂનમે સેંકડોની સંખ્યામાં મહાકાળી માતાજીના દર્શનાર્થીઓ આવશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર પાસે આવેલા પાલજ ગામમાં આ વર્ષે ફાગણ સુદ પૂનમે ધામધૂમથી હોળીની ઉજવણી કરવાનું આયોજન છે. સતત બે વર્ષથી પાલજની હોળીનો લાભ શ્રદ્ધાળુઓને મળ્યો નહોતો. કોરોના મહામારીને કારણે ગાઈડલાઈન મુજબ હોળી પર્વમાં ગયા વર્ષે ઉજવણી કરાઈ હતી તેથી ઓછી સંખ્યામાં ભક્તોએ પાલજની હોળીના દર્શનનો લાભ લીધો હતો. જે આ વર્ષે કોરોનાના કેસ ઓછા હોવાથી પાલજમાં વર્ષો જૂની પરંપરાથી થતી હોળીની ઉજવણીનો લ્હાવો શ્રદ્ધાળુઓ લાખોની સંખ્યામાં કરી શકશે.

હોળીનું પર્વ વિવિધ પ્રકારે ઉજવાય છે. ગાંધીનગર પાસે આવેલા પાલજ ગામની હોળી અન્યોથી વિશિષ્ટ છે. અહીંયા હોળીની ઉજવણી હોળીના અંગારા પર ચાલીને થાય છે. હોળીના દિવસે લાકડામાં અગ્નિ પ્રગટાવીને પછી તેની પૂજા અને પ્રદક્ષિણા વગેરે થતી જાય પછી એના જ અંગારા ઉપર શ્રદ્ધાળુઓ ચાલે છે. એવું માનવામાં આવે છે કે માતાજીના મંદિર સામે પ્રગટતી હોળીના અંગારા પર જે કોઈ ચાલે તેની મનોકામના માતાજી પૂર્ણ કરે છે.

ધગધગતા અંગારાઓ પર બાળકોથી માંડી મોટેરાઓ સૌ કોઈ ઉઘાડા પગે ચાલી નીકળતા હોવા છતાં તેઓ દાઝતા નથી. આ પરંપરા ગ્રામજનો માટે શ્રદ્ધા અને આસ્થા તેઓના વડવાઓના સમયથી ચાલી આવતી એક પરંપરા હોવાનું કહેવાય છે. આ અનોખી પરંપરાને નિહાળવા માટે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પાલજ ગામે આવે છે. ગામમાં તે દિવસે ઘરે ઘરે લાડવા બનાવીને ઉજવણી કરવામાં આવે છે.



પાલજ મહાકાળી માતાજીના મંદિરે હોળીના દિવસે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવે છે. આદિકાળથી અંગારા પર ચાલવાની પરંપરા છે. જેઓ અંગારા પર ચાલે તેની મનોકામના માતાજી પરિપૂર્ણ કરશે તેવો સૌ કોઈને અહીંયા વિશ્વાસ છે.

હોળીદહન માટેના લાકડા કોઈ ઝાડ કાપીને લવાતા નથી પરંતુ ગામના તમામ રહેવાસીઓ પોત પોતાની રીતે આખા ગામમાંથી ઝાડ પરથી ટૂટેલી ડાળીઓ એકઠી કરે છે અને એ જ લાકડામાંથી હોળીના દિવસે હોળી પ્રગટાવાય છે. સાંજે ૬.૩૦ વાગ્યે હોળી પ્રગટાવવામાં આવે છે. અને મોડી રાત્રે આ હોળીમાંથી અંગારા પડતા હોય તે મંદિરના સેવકો હોળી દહન સ્થળની આજુબાજુ પાથરે છે અને તેના પર શ્રદ્ધાળુઓ ચાલે છે. હજી સુધી આ અંગારા ઉપર ચાલવાથી કોઈને પણ કોઈ જાતનું નુકસાન થયું હોવાનો બનાવ બન્યો નથી. મહાકાળી માતાની અસીમ કૃપાથી જ અંગારા પર ચાલી શકાય છે એમ સૌ કોઈ માને છે.




એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે મૂક અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ પોતાના અભિનય દ્વારા વિવિધ સંદેશા રજૂ કર્યા હતા.

## શહેરમાં Zara's Modeling દ્વારા ફેશન શો સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

શહેરમાં મોડલિંગ એજન્સી તરીકે જાણીતી **Zara's Modeling** એજન્સી દ્વારા ગુજરાત લેવલના ફેશન શો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાત અને બીજા ૪ રાજયોમાંથી ૧૫૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં નિર્ણાયક તરીકે ફેશન મોડલ જીયા મિસ્ત્રી અને સંગીતા નિગમે સફળતાપૂર્વક તેમની ભૂમિકા અદા કરી હતી અને ડાયરેકટર નિકુંજ મિસ્ત્રી દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. **Zara's Modeling** ના તમામ સ્પર્ધકો સારા નંબરે વિજેતા બન્યા હતા. જેમાં બાળકોની કેટેગરીમાં પીહુ વાઘેલા, મીસ ગુજરાત અને ઈવાન પટેલ વિનર થયા હતા. યુવાવર્ગની કેટેગરીમાં ક્રીશી સમંથા અને પ્રીયાન્સી શાહ વિનર થયા હતા જયારે મેરીડ કટેગરીમાં પુર્વી પટેલ વિજેતા થયા હતા. આ તમામ વિજેતાઓને **Zara's Modeling** દ્વારા સરસ માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.



## જલારામ મંદિરમાં દર્શન તથા આરતીના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૦

ફાગણ સુદ નોમથી જલારામ ધામ, સે. ૨૯ ખાતે જલારામ મંદિરની આરતી તથા દર્શન સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં મંદિર ખુસલવાનો સમય સવારે ૬.૦૦ કલાકે, રામેશ્વર મહાદેવની આરતીનો સમય સવારે ૬.૩૦ કલાકે, જલારામ બાપાની આરતીનો સમય સવારે ૬.૪૫ કલાકે, મંદિર બંધ થવાનો સમય બપોરે ૧૨.૩૦ કલાકથી સાંજે ૪.૩૦ કલાક સુધી (ગુરૂવાર સિવાય), મંદિર દર્શનનો સાંજનો સમય ૪.૩૦ કલાકથી ૮.૩૦ કલાક, રામેશ્વર મહાદેવની સંધ્યા આરતી સાંજે ૬.૪૫ કલાકે, જલારામ બાપાની સંધ્યા આરતી સાંજે ૭.૦૦ કલાકે યોજાશે તેવું જલારામ સેવા સમાજ ટ્રસ્ટના પ્રમુખ દ્વારા જણાવાયુ હતું.



કે.કે. પટેલ વિદ્યાલય, કોલવડા ખાતે વિશ્વ મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રેમબા હાડા ગુજરાત રાજય કોંગ્રેસ ઉપાધ્યક્ષ, પૂર્વ કોર્પોરેટર, રાજપૂત સમાજ મહિલા અગ્રણી અને વિદ્યા લાયબ્રેરીના સંચાલક રમીલાબા વાઘેલા, સોનલબા ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યા, ભાવનાબા વાઘેલાએ અતિથિઓનું સ્વાગત કર્યું હતું. શાળાના શિક્ષિકા નિરૂપાબેન પરમાર, લીનાબેન પટેલ અને પ્રવિણાબેન પ્રજાપતિએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. શાળાની દિકરીઓને પેન વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા વર્ષાબેન પટેલે કર્યું હતું.

## આરાધના વિદ્યા વિહારમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણી



આરાધના વિદ્યાવિહારમાં વિશ્વ મહિલા દિવસ નિમિત્તે મહિલા સશક્તિકરણ વિષે સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય વી.કે. પટેલ તથા ગિરીશભાઈ પટેલ, શૈક્ષણિક સ્ટાફના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સંસ્થાના ચેરમેન આર.એ. પટેલે પણ વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન પુરું પાડયું હતું.

## જે.એસ.જી. ગાંધીનગર સંગીની ફોરમ દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણી



ગાંધીનગર, તા.૧૦

જે.એસ.જી. ગાંધીનગર સંગીની ફોરમ દ્વારા વિશ્વ મહિલા દિન ની ઉજવણી કરવામાં આવી હતી. પ્રમુખ ભાવિનાબેન અને એમની ટીમ દ્વારા સેક્ટર-૨૨ના સ્થાનક વાસી ઉપાશ્રયમાં સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આમંત્રિત સંગીની કો ઓર્ડીનેટર જે એસ જી ગુજરાત રિજીયન ના પદાધિકારી તેમજ ફાઉન્ડર પ્રેસિડેન્ટ નીતિકાબેન શાહ, જે એસ જી ગાંધીનગરના સેક્રેટરી જાગૃતીબેન લાખાણી અને જોઈન્ટ સેક્રેટરી વીણાબેન વોરાની ઉપસ્થિતિમાં સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બધી બહેનો માટે વ્હાઈટ ડ્રેસ અને બાંધણી તેમજ લહેરીયા દુપટ્ટા નો ડ્રેસ કોડ રાખવામાં આવ્યો હતો. મિમિક્રી અને હાસ્ય કલાકાર સાથે મધુર ગીતો અને ગઝલ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનુ એક્રરિંગ રૂપાબેન શાહે કર્યું હતું અને નીતિકાબેને પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું . પ્રમુખ ભાવિના બેને પણ આખા વર્ષ દરમ્યાન કરવામા આવેલ પ્રોગ્રામનું અહેવાલ અને આવનાર પ્રોગ્રામની માહિતી ખુબ સરસ આપી હતી. મહિલા દિવસ નિમિત્તે સંગીની બહેનોએ તેમનુ વ્યકતવ્ય આપ્યુ હતુ. સેક્રેટરી સોનલબેન શાહે આભાર વિધિ કરી હતી ત્યારબાદ બધાએ ચૌવીહારનો આસ્વાદ માણ્યો હતો. અંતમાં બધી બહેનોએ ઢોલીના તાલ સાથે ગરબા અને ગુલાલથી આવનાર હોળીના તહેવારનું સ્વાગત કર્યુ હતુ.

## માનસ સેવા યોગ ટ્રસ્ટ દ્વારા વિશ્વ મહિલા દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૦

માનસ યોગ સેવા ટ્રસ્ટ, ભારતીય જનતા પાર્ટી અને ગાંધીનગર મહાનગર અને પતંજલી યોગ સમિતિ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે લક્ષ્ય આરોગ્યમ અભિયાન અંતર્ગત વિશ્વ મહિલા દિવસ નિમિત્તે ત્રિદિવસીય શિબાર યોજાઈ હતી.

કાર્યક્રમની શરૂઆત ગાંધીનગરના જાણીતા યોગાચાર્ય ડોકટર કાનજીભાઈ બાવરી, ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ રુચિર ભટ્ટ, ભારતીય જનતા પાર્ટી વોર્ડ નંબર ૧૦ના સ્ટેન્ડિંગ કમિટીના કોર્પોરેટર તેજલબેન નાઈ અને મીરાબેન તથા પતંજલી યોગ સમિતિના સમગ્ર પ્રભારીઓ દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતિમ દિવસે સર્વે યોગીજનોએ પાવર યોગ અભ્યાસની સાથે ગરબા યોગનો પણ આનંદ માણ્યો હતો. શિબિરમાં ઉપસ્થિત સમગ્ર બહેનોને પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર તરફથી ફ્રી સેનેટરી પેડ નું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત શિબિરના અંતિમ દિવસે ઉપસ્થિત રહેનાર તમામ યોગાર્થીઓને સંસ્થા દ્વારા ટીશર્ટ નું વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત બ્રહ્માકુમારી સેકટર ૨૮ સેન્ટર પરથી કૈલાસ દીદી એ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી. શિબિરના અંતિમ દિવસે હોમગાર્ડ ડિપાર્ટમેન્ટ માંથી ૧૦૦ થી વધુ પોલીસ કર્મચારી બહેનોએ ઉપસ્થિત રહી અને ભવ્ય શિબિર માં યોગાચાર્ય કાનજીભાઈ બાવરી દ્વારા અપાતા યોગ અભ્યાસના અનુભવનો લાભ ઉઠાવી શારીરિક તેમજ માનસિક શાંતિનો અનુભવ કર્યો હતો. કાર્યક્રમની સફળતા માટે માનસ યોગ સેવા ટ્રસ્ટના તમામ સેવાભાવી ભાઈઓ અને બહેનોએ ખૂબ જ પુરુષાર્થ કર્યો હતો. કાર્યક્રમના અંતિમ દિવસે સમગ્ર યોગી જનોને મિક્સ વેજીટેબલ સૂપનું રસપાન કરાવવામાં આવ્યું. આ ઉપરાંત પ્રધાનમંત્રી જન ઔષધી કેન્દ્ર દ્વારા બીપી અને સુગરના નિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આવા ઈશ્વરીય કાર્યમાં જોડાવા માટે ૯૦૬૭૫૭૬૧૬૨ - આશિષ દેસાઈ નો સંપર્ક કરવા જણાવાયું છે.




## સે-૩ પ્રા. શાળામાં વૃક્ષોના નિકંદનને રદિયો આપતા મુખ્ય શિક્ષક

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેકટર-૩ની સરકારી પ્રાથમિક શાળામાં 'માપ સેકટર, ગ્રીન સેકટર' ગૃપ દ્વારા વાવવામાં આવેલા વૃક્ષોના રોપાંઓનું નિકંદન કાઢવામાં આવ્યું હોવાના પ્રકૃતિપ્રેમીઓના આક્ષેપને શાળાના મુખ્ય શિક્ષક સરલાબેન પટેલ દ્વારા રદિયો આપવામાં આવ્યો છે. તેમના જણાવ્યા અનુસાર આવી કોઈ ઘટના બની નથી તેમજ હવેથી શાળા સંકુલમાં ઉછરતા વૃક્ષોની જવાબદારી શાળાની રહેશે અને તેને પાણી સિંચન, ખાતરસિંચન કે નિંદામણ કાઢવા સહિતની કામગીરી શાળા પરિવાર દ્વારા કરવામાં આવશે તેથી જે વ્યકિતઓએ શાળા સંકુલમાં વૃક્ષોના ઉછેર માટે આવવું હોય તેમણે શાસનાધિકારીની લેખિત પરવાનગી લઈને આવવાનું રહેશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. લોઢી પ્રથમ હરેશકુમાર, ઉ.વ. ૨૧, ઉત્તરપ્રદેશ
- સ્વ. સુથાર પ્રમોદલાલ ગણપતભાઈ, ઉ.વ. ૬૭, કલોલ
- સ્વ. સુથાર સવિતાબેન કાંતિલાલ, ઉ.વ. ૮૩, સેકટર-૨૫
- સ્વ. ઠાકોર શિવાજી બાપુજી, ઉ.વ. ૭૫, પ્રતાપનગર, માણસા
- સ્વ. ઠાકોર રમિલાબેન રમેશજી, ઉ.વ. ૪૦, શિહોલી મોટી
- સ્વ. સોલંકી નિમિશાબેન રતનસિંહ, ઉ.વ. ૧૭, ભાટઈ, દહેગામ
- સ્વ. બાવા મહેન્દ્રભારથી બળદેવભારથી, ઉ.વ. ૬૩, બોરીજ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પટેલ વિજયકુમાર જગદીશભાઈ, ઉ.વ. ૪૧, સેકટર-૩
- સ્વ. ભાટીયા સંજોલી રાજેશ, ઉ.વ. ૧૮, રાંદેસણ
- સ્વ. શાહ કાવ્યા રિતેશકુમાર, ઉ.વ. ૧૩, સરગાસણ

# શહેરમાં ગુણવત્તાથી ભરપુર દેશી શક્કર ટેટીનું આગમન

## શકકર ટેટીમાં નાની દેશી શક્કર ટેટીનો સ્વાદ ખૂબ મીઠો મધુર

ગાંધીનગર, તા.૧૦

શહેરમાં ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ઉનાળુ ફળો પણ જોવા મળી રહ્યો છે. આપણે ત્યાં દરેક ઋતુની અનેક વિશેષતાઓ હોય છે. પ્રત્યેક ઋતુમાં વિવિધ ફળોની પણ વિશેષતાઓ હોય છે. મોસમી ફળોનો આસ્વાદ લિજ્જતની સાથે આરોગ્યની લહેજત પણ લઈને આવે છે. ઉનાળામાં કેરી, તડબૂચ(કલિંગર), શક્કર ટેટી, લીચી, ચીકુ વગેરેની સાથે શેરડીનો રસ, લીંબુ સહિતનાં વિવિધ શરબતો, બરફના ગોળા, આઈસક્રીમ, ફાલુદા, લસ્સી અને છાશ વગેરેનું ધૂમ માર્કેટ જામતું હોય છે. શરીર અને મનને ઠંડક આપતાં આ ફળો-શરબતોમાં શક્કર ટેટીનું સ્થાન અનોખું છે. મૂળે તો આ ફળ ટેટી કહેવાય છે, પણ એમાં સાકર જેવી મીઠાશ હોવાને કારણે તેને શક્કર ટેટી કહે છે જેમાં દેશી શક્કર ટેટીનો સ્વાદ ખૂબ મીઠો હોય છે. ઉનાળાની શરૂઆત થતાં માર્કેટ માં તેની મોટી આવક થઈ રહી છે તે માત્ર સ્વાદ ખાતર જ ખાવાને બદલે શારીરિક ફાયદાઓને કારણે પણ ખાસ તો ઉનાળામાં તેનું સેવન કરવું જોઈએ. બ્લડ પ્રેશર, આંખોની તકલીફ, અસ્થમા, શરીરના સોજા વગેરે અનેક માટે તે ઉપયોગી છે. શક્કર ટેટીનો પલ્પ માથામાં લગાવવાથી તે કુદરતી હેર-કન્ડીશનરનું કામ કરે છે.

●● શક્કર ટેટીના ફાયદા ●●

**● આંખની સંભાળ :**

આંખો માટે શક્કર ટેટી ખૂબ ઉપયોગી છે. આંખોના મહત્વના હિસ્સા એવા રેટિનાનો ઉંમર વધતાં ઘસારો થાય છે. તેને **Age related Macular Degeneration** કહે છે. શક્કર ટેટીમાં ઝેક્સેન્થીન નામનું એન્ટિ-ઓક્સિડન્ટ આવેલું છે, જે આ ઘસારાને અટકાવે છે. દિવસમાં બેથી ત્રણવાર શક્કર ટેટી ખાવાથી આંખનો આ ઘસારો થતો અટકે છે. જો કે આ પ્રકારનો ઉપચાર કરતાં પહેલાં નિષ્ણાતોનો અભિપ્રાય લેવો જરૂરી છે.



**● અસ્થમા :**

રોજિંદા આહારમાં શક્કર ટેટીનો ઉપયોગ કરનારાઓને અસ્થમા થવાની શક્યતા ઓછી રહે છે. શક્કર ટેટીમાં પ્રચૂર માત્રામાં રહેલું બીટા-કેરોટીન અને વિટામીન–સી અસ્થમા સામે રક્ષકરૂપ રહે છે.

**● બ્લડ પ્રેસર :**

પોટેશિયમ વિટામીન-સી ને કોલાઈન નામનું તત્વ શક્કર ટેટીમાં રહેલું હોવાથી તે હૃદયને લગતી અનેક તકલીફોમાં ઉપયોગી રહે છે. ખાસ કરીને બ્લડ પ્રેશરની સારવારમાં મોટા ભાગના ડોક્ટરોનું મંતવ્ય હોય છે કે બ્લડ પ્રેશરમાં સોડિયમ એટલે કે મીઠું ખાવાનું પ્રમાણ ઓછું કરવું. પરંતુ તેની સામે પોટેશિયમનું લેવલ મેન્ટેન કરવું પણ એટલું જ જરૂરી હોય છે. પોટેશિયમની પૂરતી માત્રાથી સ્ટોકનું રિસ્ક પણ ઘટે છે. અતિશય દુબળા પડેલા દર્દીઓને તે શક્તિ પૂરી પાડે છે. એટલું જ નહીં પણ પથરી બનવાની પ્રક્રિયાને પણ શક્કર ટેટી ધીમી પાડે છે.

**● પાચનતંત્ર :**

શક્કર ટેટી રેસાયુક્ત અને પાણીયુક્ત હોવાથી પાચનતંત્ર સુધારવામાં મહત્વનો ભાગ ભજવે છે. જે વ્યક્તિઓને કબજિયાત રહેતી હોય, તેમણે પણ શક્કર ટેટી ખાવી જોઈએ.

**● સોજા :**

શક્કર ટેટીમાં કોલાઈન નામનું તત્વ રહેલું હોય છે, જે ઊંઘ, સ્નાયુના હલનચલન, યાદશક્તિ વગેરે શારીરિક કાર્યોમાં મદદ કરે છે. કોલાઈન એ આપણા શરીરના કોષોની મેબ્રેનના બંધારણના નિયમનમાં મહત્વનો ભાગ ભજવે છે. ચરબીનું શોષણ કરે છે.

**● વાળ અને ત્વચા :**

માત્ર એક કપ જેટલી માત્રામાં શક્કર ટેટી કે તેનો પ્રવાહી રસ (પલ્પ) ખાઈએ તો તેમાં ભરપૂર માત્રામાં રહેલું વિટામીન-સી આપણા શરીરની આખા દિવસની ૯૦ ટકા જરૂરિયાતોને સંતોષે છે. શક્કર ટેટીનો પલ્પ માથામાં લગાવવાથી તે કુદરતી હેર-કન્ડીશનરનું કામ કરે છે.

## જન્મદિને વધામણી



શર્મિષ્ઠાબેન જગદીશચંદ્ર દવે
મો. ૯૮૯૮૧ ૬૧૨૭૦



નિમિષા શુક્લ
લાયોનેસ ક્લબ



ગીતાબેન બી શાહ
મો. ૯૮૨૪૪ ૨૨૫૧૫



શિવમ એન પરમાર
મો. ૭૭૧૨૭ ૩૩૩૧૬



રાવલ તેજ હાર્દિકકુમાર